*If you want to fly, We provide wings...*

# ICE®

# TRENDING CURRENT

## TOPIC 60

## ASIAN DEVELOPMENT BANK




- ચર્ચામાં શા માટે ?
- આર્થિક મદદના મહત્ત્વ વિશે :
- એશિયન વિકાસ બેંક વિશે :-

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

TOPIC-60નો
વીડિયો જોવા માટે અહીં
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં
CLICK કરો

અમારી સાથે જોડાયેલા રહો :


www.iceonline.in | t.me/icerajkotofficial | 9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- તાજેતરમાં 'એશિયન વિકાસ બેંક' (Asian Development Bank)ના અધ્યક્ષે COVID-19 મહામારીના પ્રતિભાવ માટે 2.2 મિલિયન (અબજ) ડોલરની આર્થિક મદદ કરવાની ખાતરી આપી હતી.

## આર્થિક મદદના મહત્ત્વ વિશે :

- ADB (Asian Development Bank) એ ભારત સહિત વિકાસશીલ સભ્ય દેશોની કટોકટીની જરૂરિયાતોને પહોંચી વળવા આશરે 6.5 અબજ ડોલરના પ્રારંભિક પેકેજની જાહેરાત કરી છે.
- ભારત સરકાર દ્વારા COVID-19 મહામારીના સંચાલન માટે લીધેલા પગલાઓની પણ ADBના અધ્યક્ષ દ્વારા પ્રશંસા કરવામાં આવી હતી.
- મહામારી (રોગચાળા)ના કારણે વૈશ્વિક આર્થિક વિકાસ દર નબળો થવાથી ભારતની વેપાર અને ઉત્પાદન સપ્લાય શ્રૃંખલામાં વિક્ષેપો ઉત્પન્ન થઈ રહ્યા છે.
- મહામારીના કારણે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગો (Micro, Small and Medium - MSME) તેમજ ઔપચારિક અને અનૌપચારિક કામદારોની આજીવિકાને અસર થઈ રહી છે. આવી સ્થિતિમાં, આ ક્ષેત્રોને આર્થિક સહાયની ખૂબ જ જરૂર છે.
- ADB દ્વારા જાહેર કરાયેલા આર્થિક પગલાંથી ગરીબ અને ઉદ્યોગપતિઓને નોંધપાત્ર રાહત અને પ્રોત્સાહન મળશે.
- ભારત સરકાર દ્વારા COVID-19 રોગચાળાના સંચાલન માટે શરૂ કરેલા નીચેના પગલાંઓની ADB દ્વારા પ્રશંસા કરવામાં આવી હતી. જેમાં...

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- રાષ્ટ્રીય આરોગ્ય કટોકટી કાર્યક્રમ.
- વેપારના ક્ષેત્રમાં કરમુક્તિ અને રાહતના પગલાં.
- 1.7 લાખ કરોડ રૂપિયાનું આર્થિક રાહત પેકેજ
- ત્રણ અઠવાડિયાના લોકડાઉનથી અસગ્રસ્ત ગરીબ, મહિલાઓ અને કામદારોને તાત્કાલિક સહાય પૂરી પાડવી.

- ADB એ જણાવ્યું હતું કે જો જરૂર પડે તો ભારતની નાણાકીય સહાયમાં વધારો કરવામાં આવશે.

## એશિયન વિકાસ બેંક વિશે :-

- 'એશિયન વિકાસ બેંક' (Asian Development Bank) એક પ્રાદેશિક વિકાસ બેંક છે. તેની સ્થાપના 19 ડિસેમ્બર, 1966ના રોજ થઈ હતી.
- ADBનું વડું મથક ફિલિપાઈન્સના મનીલામાં છે. ADBમાં વર્તમાન 68 સભ્યો છે, જેમાંથી 49 એશિયા-પેસિફિક ક્ષેત્રના છે.
- ADBમાં શેરનો સૌથી મોટો હિસ્સો જાપાનનો છે.
- તેનો ઉદ્દેશ એશિયામાં સામાજિક અને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.
- ADB વિકાસશીલ દેશોમાં એવા પ્રોજેક્ટસને સમર્થન આપે છે જે જાહેર અને ખાનગી ક્ષેત્રોના સહયોગ દ્વારા આર્થિક અને વિકાસની દિશા તરફ કામ કરે છે.
- 'ADB રણનીતિ-2030' (ADB Streategy-2030)માં એશિયા-પેસિફિક ક્ષેત્રની બદલાતી આવશ્યકતાઓ અનુસાર ADBના કાર્યો નક્કી થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT